# ૨.૬ મેરૂપર્વત

સમગ્ર વિશ્વની મધ્યભાગમાં અને સઘળાંયે પર્વતોમાં સૌથી ઉંચો એક લાખ યોજનની ઊંચાઈવાળો મેરૂપર્વત છે.

આ મેરુપર્વત તિર્છાલોકના મધ્યભાગમાં રહેલ એક લાખ યોજનના વ્યાસવાળા જંબૂદ્વીપના પણ મધ્યભાગમાં આવેલો છે.

મેરુપર્વતની પૂર્વદિશા તરફ પૂર્વ મહાવિદેહક્ષેત્ર છે. પશ્ચિમ દિશા તરફ પશ્ચિમ મહાવિદેહક્ષેત્ર છે. દક્ષિણમાં દેવકુરુક્ષેત્ર અને ઉત્તરમાં ઉત્તરકુરુક્ષેત્ર આવેલું છે.

આ મેરુપર્વત જે એકલાખ યોજન ઊંચો છે, તે નીચેના ભાગમાં દશ હજાર યોજન પહોળો અને ઉપરના ભાગમાં એક હજાર યોજન પહોળો ગોળાકારે-ચારેબાજુ એક સરખો છે. તેનું વિશેષ સ્વરૂપ આ પ્રમાણે છે.

એક લાખ યોજનની ઊંચાઈમાં ૯૯૦૦૦ યોજન જમીનની બહાર અને એક હજાર યોજન જમીનની અંદર રહેલો છે. જમીન ઉપર મેરૂપર્વતની ૧૦૦૦૦ યોજન પહોળાઈ છે. તેની પૂર્વદિશા-દક્ષિણદિશા પશ્ચિમ દિશા અને ઉત્તર દિશામાં ભદ્રશાલનામનું વન આવેલું છે.

તે ઉત્તર દક્ષિણ ૨૫૦ યોજન પહોળું અને પૂર્વ પશ્ચિમ ૨૨૦૦૦ યોજન લાંબું છે. પહોળાઈમાં વધતું-ઓછું છે.

મેરુપર્વતના નીચેના ભાગથી મેરુપર્વત ઉપર ૫૦૦ યોજન જઈએ ત્યાં ફરતો ૫૦૦ યોજનનો ખાંચો પડે છે. આ ખાંચાને મેખલા કહેવાય છે.

ત્યાં ૫૦૦ યોજન મેખલા જેટલું પહોળું અને મેરુપર્વતને ફરતું નંદનનામનું વન આવેલું છે. તેમાં મણિમય કૂટો, વાવડીઓ, મંડપો વગેરે હોવાથી આ વન અત્યંત રમણીય છે.

ચારે દિશામાં એક એક શ્રી જિનમંદિર અને ઈન્દ્રપ્રાસાદ છે, જ્યારે ચારે દિશામાં બે બે કુલ આઠ કૂટો જે ૫૦૦ યોજન ઊંચા છે, તેના ઉપર આઠ દિક્કુમારીનો નિવાસ છે. અને એક બીજો કૂટ ૧૦૦૦ યોજન ઊંચો છે, તે સહસ્રકૂટ નામે ઓળખાય છે.

દરેક ઈન્દ્રપ્રાસાદની ચારે દિશામાં એક એક વાવડી એટલે કુલ ૧૬ વાવડીઓ છે.

આ મેખલા પણ ૫૦૦ યોજન પહોળી છે. અહીં પણ ૫૦૦ યોજન પહોળું અને મેરૂપર્વતને ફરતું સોમનસ નામનું વન આવેલું છે અહીં કૂટો નથી, પણ ચારે દિશામાં એક એક શ્રી જિન મંદિર અને ચારે વિદિશામાં એક એક ઈન્દ્રપ્રાસાદ તેને ચાર દિશામાં એક એક વાવડી, કુલ ૧૬ વાવડીઓ આવેલી છે.

આ સોમનસવનથી ૩૬૦૦૦ યોજન ઊપર જતાં મેરુપર્વતનું તળીયું ઉપરનો ભાગ આવે છે.

તે ૧૦૦૦ યોજન વિસ્તારવાળો છે.

તેના મધ્યભાગમાં ૧૨ યોજનના વિસ્તારવાળી અને ૪૦ યોજન ઊંચી ચૂલિકા છે. તે ઉપરના ભાગે ચાર યોજન વિસ્તારમાં છે અને ત્યાં એક શ્રી જિનમંદિર છે.

આ ચૂલિકાને ફરતું અને ૪૯૪ યોજન વિસ્તારવાળું પાંડુકવન આવેલું છે.

અહીં પણ પાંડુકવનમાં ચાર દિશામાં એક એક શ્રી જિનમંદિર અને વિદિશામાં એક એક ઈન્દ્રપ્રાસાદ (૪-૪ વાવડીઓથી યુક્ત) આવેલ છે.

ચૂલિકાની ચારે દિશામાં પાંડુકવનમાં ૫૦૦ યોજન લાંબી, ૪ યોજન ઊંચી, મધ્યભાગમાં ૨૫૦ યોજન પહોળી અને છેડા તરફ ઘટતી ઘટતી અર્ધ ચંદ્રના આકારવાળી અત્યંત ઉજવળવર્ણવાળી એક એક, એમ કુલ બાર અભિષેક શિલા છે.

આમાં ગોળાઈવાળો ભાગ ચૂલિકા તરફ, સરખો ભાગ ક્ષેત્ર તરફ આવેલો છે.

પૂર્વ દિશાની અભિષેક શિલા ઉપર અને પશ્ચિમ દિશાની અભિષેકશિલા પર બે-બે સિંહાસન, તથા દક્ષિણદિશા અને ઉત્તર દિશામાં અભિષેક શિલા ઉપર એક-એક સિંહાસન એમ કુલ ૬ સિંહાસનો છે.

આ સિંહાસનો લગભગ ૫૦૦ ધનુષ (૧૦૦૦ મીટર) લાંબા, ૨૫૦ ધનુષ (૫૦૦ મીટર) પહોળા અને ૪ ધનુષ (૮ મીટર) જેટલા ઊંચા હોય છે.

આ સિંહાસનો ઉપર તે તે દિશાના ક્ષેત્રમાં જન્મ પામતા શ્રી તીર્થંકર ભગવંતોને સૌધર્મઈંદ્ર લાવીને અભિષેક કરે છે.

પૂર્વ-પશ્ચિમમાં એક સાથે બે બે અને ઉત્તર દક્ષિણમાં એક - એક શ્રી તિર્થંકર ભગવતં જન્મે છે. અને જ્યારે જ્યારે જન્મ પામે ત્યારે ત્યારે ઈંદ્ર આ શિલા ઉપરના સિંહાસન ઉપર અભિષેક કરે છે.

આ જંબૂદ્વીપમાં એક મેરૂપર્વત છે, તેમ ધાતકીખંડમાં બે મેરૂપર્વત અને પુષ્કરાર્ધદ્વીપમાં બે મેરૂપર્વત છે. આ ચાર મેરૂપર્વત ઊંચાઈમાં ૮૪૦૦૦ યોજન છે. બાકીનું બધું વર્ણન સરખું છે.

આ મેરુપર્વતના ત્રણ વિભાગ છે.

તેમાં પહેલો વિભાગ ૧૦૦૦ યોજન જે જમીનની અંદર રહેલો છે. તે પૃથ્વી, પત્થર, વજ અને કાંકરામય છે.

બીજો વિભાગ જમીનની બહાર ૬૩૦૦૦ યોજન સુધી જે અંકરત્ન, સ્ફટિક, રજત અને જાત્યસુવર્ણમય છે.

ત્રીજો વિભાગ ૩૬૦૦૦ યોજન જે જાંબૂનંદ જાતિના સોના સરખો છે.

આ પ્રમાણે સામાન્ય વર્ણન મેરુપર્વતનું જણાવ્યું શાસ્ત્રમાં વિશેષ વર્ણન રહેલું છે.

શાશ્વત પદાર્થો કાયમ એક સરખા કદમાં રહે છે તેનો કદી પણ નાશ થતો નથી.

શાશ્વત પદાર્થોનું વર્ણન વગેરે વાંચતા-સાંભળતા તે કહેનાર સર્વજ્ઞ જ હોય તેમાં શંકાને કોઈ સ્થાન રહેતું નથી.

આ મેરૂપર્વત એ ક્યારેય વિનાશ નહિં પામતો શાશ્વત ભાવે રહેલો છે. જંબૂદ્વીપ નામે એક લાખ યોજનના પ્રદેશના મધ્યબિંદુ ઉપર આવેલા આ પર્વત ઉપર ફક્ત દેવ–દેવીઓ જ જઈ શકે છે. આ પર્વત આખો સુવર્ણ વગેરે ઉત્તમ ધાતુઓ અને રત્નોથી ભરેલો છે. અનેક રમણીય – દર્શનીય – દેવોના હવાખાવાના – ફરવાના– ક્રીડા કરવાના મનોહર સ્થાનો પણ આવેલાં છે. બગીચાઓ – ઉદ્યાનો – વાવડી – લતામંડપ વગેરે મસ્ત – મસ્ત સ્થાનો રહેલાં છે.

આ પર્વત ચર્મચક્ષુથી જોઈ ન શકાય તેટલો બધો દૂર – સુદૂર છે. માનવો જઈ શકતાં જ નથી. આ પર્વત ઉપર તીર્થંકર પ્રભુનો જન્મ ઉત્સવ કરવાં કરોડો દેવો–દેવીઓ – ઈન્દ્ર મહારાજા પધારતાં હોય છે.

સર્વજ્ઞના જ્ઞાનમાં વિરાટ વિશ્વનું સંપૂર્ણ દર્શન થાય છે. તેમાં તિર્છાલોક એક રાજલોક પ્રમાણનો લાંબો અને પહોળો છે. તેમાં તિર્છાલોક ૧૮૦૦ યોજનનો છે. તેની ઊંચાઈ છે તેમાં ૯૦૦ યોજનતો સમભૂમિથી નીચેના ભાગમાં છે. અને ૯૦૦ યોજન સમભૂમિની ઉપર આવેલ છે. આ ૯૦૦ યોજનનાં છેલ્લા ૧૧૦ યોજનમાં જ્યોતિષ ચક્ર ફરે છે. જેમાં જ્યોતિષી દેવો રહે છે. તે જ્યોતિષી દેવોના વિમાનો મેરૂ પર્વતની ફરતી પ્રદક્ષિણા કરે છે. તેના કારણે અઢીદ્વીપમાં દીવસ–રાત્રિ–માસ–અયન–ઋતુ વગેરે કાળની વ્યવસ્થા થયેલ છે. તેથી મેરૂ પર્વતના વિશેષ સ્વરૂપને જોઈએ ;

આ જંબૂદ્વીપના પૂર્વ મહાવિદેહ અને પશ્ચિમ મહાવિદેહની મધ્યમાં દેવકુરુથી ઉત્તરમાં, ઉત્તરકુરુથી દક્ષિણમાં, જંબૂદ્વીપની બરાબર મધ્યભાગમાં મેરૂપર્વત આવેલ છે. મેરૂપર્વત ગોળ સ્થંભના આકારે ઊંચો છે. નીચેથી પહોળો અને ઉપર જતાં અનુક્રમે સાંકડો થતો જાય છે. મેરૂપર્વતની ઊંચાઈ ૧ લાખ યોજનની છે. તેમાંથી ૧૦૦૦ યોજન પૃથ્વીમાં છે. ૯૯૦૦૦ યોજન પૃથ્વીની ઉપર છે. પૃથ્વીના અંદરના મૂળમાં ૧૦૦૯૦–૧૦/ ૧૧ યોજન પહોળો છે અને સમતલ પૃથ્વી ઉપર ૧૦,૦૦૦ યોજન પહોળો છે. ક્રમશઃ ઘટતાં ઘટતાં શિખર સ્થાને મેરૂ પર્વતનો વિસ્તાર ૧,૦૦૦ યોજન છે. તેના ઉપર ચૂલિકા છે. આ રીતે મૂલમાં વિસ્તૃત, મધ્યમાં સંક્ષિપ્ત– ઉપર પાતળો ગોપુચ્છના આકાર સમાન છે. તે સારોયે પર્વત સર્વરત્નમય સ્વચ્છ છે અને તે ચારે તરફથી એક પદ્મવર વેદિકા તથા વનખંડથી ઘેરાયેલ છે.

મેરૂપર્વતની ચૂલિકા બાદ કરતાં ત્રણ ભાગમાં વિભાજિત છે. જેને કાંડ (વિભાગ) કહેવાય છે. તે ત્રણ કાંડ આ પ્રમાણે છે. (૧) પ્રથમ કાંડ – અધસ્તનકાંડ (૨) મધ્યકાંડ (3) ઉપરિતન કાંડ નીચેના કાંડની ઊંચાઈ ૧૦૦૦ યોજન છે. મધ્યકાંડની ઊંચાઈ ૬3000 યોજન છે. ઉપરના કાંડની ઊંચાઈ ૩૬૦૦૦ યોજન છે.

મેરૂપર્વત ઉપર ચાર વન આવેલા છે. (૧) ભદ્રશાલવન (૨) નંદનવન (3) સોમનસવન (૪) પંડગવન.

**(૧) ભદ્રશાલવન :** આ વન મેરૂપર્વતની તળેટીમાં સમભૂમિ ઉપર આવેલ છે. તે મેરૂપર્વતની ચારે બાજુ વીંટળાયેલ છે. મેરૂથી ઉત્તર અને દક્ષિણમાં ૨૫૦ યોજન પહોળું છે અને પૂર્વ–પશ્ચિમ ૨૨૦૦૦–૨૨૦૦૦ યોજન દીર્ઘ છે. આ ભદ્રશાલવન સૌમનસ, વિદ્યતુપ્રભ, ગંધમાદન અને માલ્યવાન એ ચાર વક્ષસ્કાર પર્વતોથી તથા સીતા –સીતોદા મહાનદીઓથી આઠ ભાગમાં વિભક્ત થયેલ છે.

**(૨) નંદન વન :** મેરૂપર્વતની સમભૂમિથી ઉપર ૫૦૦ યોજન ચઢીએ અને સોમનસ વનથી ૬૨૫૦૦ યોજન નીચે ઉતરીએ ત્યારે નંદનવન આવે છે તે ૫૦૦ યોજન વિસ્તારવાળું છે. નંદનવનની બરાબર મધ્યમાં અભ્યંતર મેરુ છે અને તેનાથી ૫૦ યોજન દૂર દિશાકુમારીના ૮ કૂટ છે. તેના ઉપર ઉર્ધ્વલોકની ૮



jainuniversity.org

દિશાકુમારીના ભવન છે. તે બધી દિશાકુમારીઓ ભવનપતિની કાયમી છે. નંદનવનની સમભૂમિથી ૫૦૦ યોજન ઉપર છે. અને તેના ઉપર જે કૂટ છે. તે ૫૦૦ યોજન ઊંચો છે અને તેના ઉપર દેવીનું ભવન છે. એટલે કુલ સમભૂમિથી ૧૦૦૦ યોજન ઉપર દેવી રહે છે. તેથી તેમાંના ૯૦૦ યોજન તિર્છાલોકમાં ગણાય. ઉપરના ૧૦૦ યોજન ઉર્ધ્વલોકનાં છે માટે તે દેવી ઉર્ધ્વલોકની ગણાય છે. અર્થાત્ ઉર્ધ્વલોકવાસી કહેવાય છે. તે ઉપરાંત નંદનવનમાં ચાર દિશામાં ચાર ચૈત્ય છે. અને વિદિશાઓમાં બે ઈશાનેન્દ્રના પ્રાસાદ છે. આ પ્રાસાદ અને ચૈત્ય ચારેય વનમાં છે.

**(૩) સોમનસ વન:** નંદનવનથી ૬૨૫૦૦ યોજન ઉપર અને પંડગવનથી ૩૬૦૦ યોજન નીચે સોમનસ વન આવેલ છે. આ મેરૂપર્વતની બીજી મેખલા છે. તે વન ૫૦૦ યોજનની પ્રમાણ મેખલામાં ૫૦૦ યોજન પહોળું છે.

**(૪) પંડગવન :** સોમવનસ વનથી ૩૬૦૦ યોજન ઉપર જતા પંડગવન આવે છે. તે ૪૯૪ યોજન ચક્રવાલ પહોળું છે. શિખર અને મેરૂપર્વતનો વિસ્તાર એક હજાર યોજન છે. અને ચૂલિકાના મૂળનો વિસ્તાર ૧૨ યોજન છે. અને ચૂલિકા પંડગવનની અતિ મધ્યભાગમાં છે. માટે ૧૦૦૦ યોજનમાંથી ૧૨ યોજન બાદ કરતા ૯૮૮ યોજન રહ્યા તેમાંનો એક અર્ધ ભાગ ૪૯૪ જોજન જેટલો પૂર્વતરફ અને બીજો ૪૯૪ યોજન જેટલો અર્ધભાગ પશ્ચિમ તરફ આવ્યો. જેથી મેરૂચૂલિકાના મૂળથી કોઈ પણ દિશાએ ૪૯૪ યોજન જેટલી પહોળાઈ વાળું પંડગવન છે. આ રીતે પંડગવન મેરૂચૂલિકાના મૂળથી ૪૯૪ યોજન જેટલું ચક્રવાળ જેટલું પહોળું છે. પંડગવનમાં શ્રી જિનેન્દ્રોના જન્માભિષેક કરવામાટેની ચાર શિલાઓ છે.

મેરૂચૂલિકા (ઉંચોભાગ)ની પૂર્વદિશાએ પાંડુકંબલા–શ્વેત રંગની, પશ્ચિમ દિશાએ રક્તકંબલા – રક્ત રંગની, દક્ષિણદિશાએ અતિપાંડુકંબલા–અતિશ્વેતરંગની, ઉત્તર દિશાએ રક્તકંબલા – અતિરક્ત રંગની આવેલ છે.

આ ઉપર બતાવેલ આ ચાર શિલા ઉપર તીર્થંકરોના જન્માભિષેક થાય છે. દક્ષિણ દિશાની શિલા ઉપરના દક્ષિણા મુખી સિંહાસન ઉપર ભરતક્ષેત્રમાં જન્મેલા જિનેશ્વરોનો, અને ઉત્તર દિશાની શિલા ઉપરના ઉત્તરાભિમુખી સિંહાસન ઉપર ઐરવત ક્ષેત્રમાં જન્મતા જિનેશ્વરોનો જન્માભિષેક થાય છે. પૂર્વ દિશાની શિલા ઉપરના બે સિંહાસનોમાં જે એક સિંહાસન–શિલા ઉત્તરદિશામાં છે તે ઉપર પૂર્વ મહાવિદેહ ક્ષેત્રની સીતા મહાનદીના ઉત્તર કિનારે આવેલી આઠ વિજયોમાં જન્મેલા જિનેશ્વરોનો જન્મ–અભિષેક થાય છે. એ પ્રમાણે પશ્ચિમ શિલા ઉપરનાં બે સિંહાસનોમાં પણ જે એક સિંહાસન શિલા ઉત્તર દિશામાં છે તે ઉપર પશ્ચિમ મહાવિદેહમાંની સીતોદા મહાનદીનાં ઉત્તર કિનારે આવેલી આઠ વિજયોમાં જન્મેલાં જિનેશ્વરોનો જન્માભિષેક થાય છે. અને દક્ષિણ તરફનાં સિંહાસન ઉપર સીતોદાના દક્ષિણ કિનારા પરની આઠ વિજયોમાં જન્મેલા જિનેશ્વરોનો જન્માભિષેક થાય છે.

જંબૂદ્વીપમાં સમયકાળે બે અને ચાર જિનેશ્વરોથી અધિક જિનેશ્વરોનો જન્મ થતો નથી ભરત અને ઐરવતમાં જ્યારે એક સમયે જિનેશ્વરનો જન્મ થાય ત્યારે જઘન્ય બે જિનેશ્વરનો જન્મ મહોત્સવ ઉજવાય અને મહાવિદેહક્ષેત્રમાં જ્યારે એક સાથે ચાર જિનેશ્વરનો જન્મ થાય ત્યારે ચાર જિનેશ્વરનો એક સાથે જન્મ મહોત્સવ ઉજવાય. જ્યારે મહાવિદેહક્ષેત્રમાં જિનેશ્વરનો જન્મ થાય ત્યારે ભરત–ઐરવતમાં ન થાય અને

જ્યારે ભરત–ઐરવતમાં જિનેશ્વરનો જન્મ થાય ત્યારે મહાવિદેહમાં ન થાય કારણકે જિનેશ્વરોના જન્મ મધ્યરાત્રે થાય છે તેથી જ્યારે ભરત–ઐરવતમાં મધ્યરાત્રિ હોય ત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં દિવસ હોય છે. અને મહાવિદેહ ક્ષેત્રમાં જ્યારે મધ્યરાત્રિ હોય ત્યારે ભરત–ઐરવતમાં દિવસ હોય એ રીતે કાળ વિપર્યય છે માટે જન્મ વિપર્યય પણ છે.

ચૂલિકાની સમજૂતી – મેરૂપર્વતના ચોથા પંડગવનની મધ્યમાં ૪૦ યોજનની ઊંચી, નીચે ૧૨ યોજનની, મધ્યમાં ૫ જોજનની અને અંતમાં ૪ યોજનની પહોળી વૈડૂર્ય (લીલા) રત્નમય એક ચૂલિકા છે. ચૂલિકા એટલે શિખર સમાન ઊંચી ટેકરી હોય છે. આ મેરૂપર્વતની ચારે બાજુ જ્યોતિષ ચક્ર ફરે છે. અર્થાત્ જ્યોતિષી દેવોના વિમાનો ફરે છે.

આ રીતે અનેક – અનેક સ્થાન – પ્રમાણ સંપતિ – વિશિષ્ટ ભૂગોળનો ઈતિહાસ લઈને આ પર્વત સદાકાળ માટેનો રહેલો છે. તેને જગતની કોઈ શક્તિ ઉખેડી શકશે નહિં કે વિનાશ કરી શકશે નહિં. જંબૂદ્વીપ નામે વસતાં વિશ્વનું તે મૂળ કેન્દ્ર બિંદુ રહેલું છે.

આ મેરૂપર્વત વિશે વધારે સૂક્ષ્મ વિગતો જાણવા માટે બૃહત્ સંગ્રહણી, જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વગેરે ગ્રંથોનાં અભ્યાસથી જાણી શકાશે.

jainuniversity.org